001. ગુજરાત રાજ્યના સુરત જિલ્લાની હદને અહીં દર્શાવેલ પૈકી ક્યા જિલ્લાઓની હદ સ્પર્શે છે?
(A) ડાંગ, છોટા ઉદેપુર, ભરૂચ, તાપી
(B) નર્મદા, નવસારી, ડાંગ, ભરૂચ
(C) નવસારી, તાપી, નર્મદા, ભરૂચ
(D) વલસાડ, છોટા ઉદેપુર, તાપી, ડાંગ

002. ભારતીય રીઝર્વ બેંકનું રાષ્ટ્રીયકરણ ક્યા વર્ષમાં કરવામાં આવ્યું?
(A) 1953 (B) 1949
(C) 1957 (D) 1952

003. કમ્પ્યૂટર મેમરી RAM અને ROM બાબતે નીચેના પૈકી ક્યા વિધાનો સાચાં છે?
(a) RAM એટલે રેન્ડમ એક્સેસ મેમરી અને ROM એટલે રેન્ડમ ઓન્લિ મેમરી.
(b) RAM કમ્પ્યૂટરમાંથી વાંચવા અને લખવાની, જ્યારે ROM ફક્ત વાંચવાની સુવિધા આપે છે.
(c) RAM ના પ્રકાર SRAM અને DRAM છે, જ્યારે ROM ના પ્રકાર PROM, EPROM, EEPROM છે.
(d) RAM સ્થાયી મેમરી છે, જ્યારે ROM અસ્થાયી મેમરી છે.
(A) a, b (B) b, c
(C) c, d (D) b, c, d

004. 1909માં અમદાવાદની મહેમાનગતી માણી રહેલા લોર્ડ અને લેડી મિન્ટોની શહેરસવારી ઉપર બોમ્બ ઝીંકવામાં આવ્યો હતો. આ બનાવના અગ્રેસર કોણ હતા?
(A) ધનશંકર નાયક (B) મોહનલાલ પંડ્યા
(C) રત્નપ્રકાશ શાસ્ત્રી (D) શંકરલાલ બેંકર

005. ત્રણ બહેનોની સરેરાશ ઉંમર 38 વર્ષ છે, તેમજ તેમની ઉંમરનો ગુણોત્તર 3 : 7 : 9 છે. તો સૌથી મોટી બહેનની ઉંમર કેટલી હશે?
(A) 52 વર્ષ (B) 42 વર્ષ
(C) 54 વર્ષ (D) 64 વર્ષ

006. એક વ્યક્તિ સ્કૂટર પર 1000 મીટર રેખીય અંતર 80 સેકન્ડમાં કાપે છે. તો તેની ઝડપ કેટલી કહેવાય?
(A) 54 કિ. મી./કલાક (B) 36 કિ. મી./કલાક
(C) 12.5 કિ. મી./કલાક (D) 45 કિ. મી./કલાક

007. નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકેના સૌ પ્રથમ વખત શપથ લીધા તે સમયે તેઓ ક્યા વિસ્તારમાંથી ચૂંટાયા હતા?
(A) મણિનગર વિધાનસભા (B) રાજકોટ (પૂર્વ) વિધાનસભા
(C) રાજકોટ (પશ્ચિમ) વિધાનસભા (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

Happy Academy

Happy Academy : 9925768120

**008.** ગુજરાતની કઈ વિભૂતિને વર્ષ 1997માં 'ટેમ્પલ્ટન એવોર્ડ' (Templeton Prize) થી સન્માનિત કરવામાં આવ્યા હતા?
(A) સ્વામી સચ્ચિદાનંદ
(B) ચંદ્રશેખરવિજયજી મહારાજ
(C) પાંડુરંગ આઠવલે
(D) પ્રમુખ સ્વામી મહારાજ

**009.** સમ્રાટ અશોક ક્યા નામથી ઓળખાતા હતા?
(A) પ્રિયદર્શીન
(B) દેવપ્રિય
(C) સન્મુખપ્રિય
(D) દેવનામપ્રિય

**010.** તાજેતરમાં ભારતના ક્યા રાજ્ય દ્વારા કરાર આધારિત શ્રમજીવીઓ માટે રક્ષણ અને કાયદેસરતા (Protection & Regularization) ને મંજૂરી આપવામાં આવેલ છે?
(A) ઉત્તરપ્રદેશ
(B) ઉત્તરાખંડ
(C) પંજાબ
(D) ઝારખંડ

**011.** નીલકંઠરાય છત્રપતિનું નામ કઈ પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે?
(A) અંધશાળા
(B) બહેરા-મૂંગાની શાળા
(C) બાલ વિધવા પુનઃ લગ્ન
(D) સતી પ્રથા નાબુદી

**012.** પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણના પ્રયોગો કોણે કરેલા?
(A) પાવલોલ
(B) સ્કિનર
(C) થોર્ન ડાઇક
(D) વોટ્સન

**013.** કમ્પ્યૂટરની ઑડિયો આધારિત ફાઈલ સ્વરૂપ .mp3 નું પૂરું નામ શું છે?
(A) Moving Pictures Extensible Group
(B) Moving Pictures Expert Group
(C) Moving Pictures Exchange Group
(D) Moving Pictures Encoding Group

**014.** ગુજરાત વિદ્યાપીઠનું મકાન બાંધવા માટે રૂ. 10 લાખ એકત્રિત કરવા સરદારશ્રીએ ટહેલ નાંખી, એ અન્વયે મણિલાલ કોઠારીએ સૌથી વધુ જહેમત ઉઠાવી. આથી તેમને ક્યું બિરૂદ આપવામાં આવ્યું હતું?
(A) વિદ્યાદાન યાચક
(B) વિદ્યા ભિક્ષુ
(C) વિદ્યા સંવર્ધક
(D) રાષ્ટ્ર ભિક્ષુ

**015.** ગુજરાત રાજ્યમાં આવેલ સંસ્કૃતિ વનો પૈકી વિરાસત વન ક્યા જિલ્લામાં આવેલ છે?
(A) નવસારી
(B) મહીસાગર
(C) આણંદ
(D) પંચમહાલ

**016.** એક વર્ગમાં ગણિત વિષયમાં 70% વિદ્યાર્થીઓ પાસ થાય છે. પાસ થતા વિદ્યાર્થી પૈકી ગૌરવનો આગળથી ક્રમ સાતમો અને પાછળથી ક્રમ 36 મો છે, તો વર્ગમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ................ છે.
(A) 48
(B) 56
(C) 60
(D) 64



Happy Academy

017. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | | | |
|---|---|---|---|
| a. | મિઝોરમ | 1. | અગરતલા |
| b. | મણિપુર | 2. | ઐઝવાલ |
| c. | ઝારખંડ | 3. | રાંચી |
| d. | ત્રિપુરા | 4. | ઈમ્ફાલ |

(A) a-2, b-1, d-4, c-3
(B) c-3, d-2, a-1, b-4
(C) b-3, c-4, a-1, d-2
(D) a-2, c-3, b-4, d-1

018. બધા જ રુધિરકોષો ક્યા અંગમાં નિર્માણ પામે છે?
(A) થાયમસ
(B) યકૃત
(C) અસ્થિમજ્જા
(D) બરોળ

019. ક્યા સમાજશાસ્ત્રી ધોરણભંગને સમાજ દ્વારા સ્વીકારેલ નિયમોના ભંગ તરીકે ઓળખાવે છે?
(A) હોર્ટન અને હન્ટ
(B) માર્શલ ક્લિનાર્ડ
(C) હાવર્ડ બેકર
(D) રોબર્ટ મર્ટન

020. "કોઈ ગુનાનો આરોપ મૂકાયેલો હોય એવી કોઈ વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડી શકાય નહીં." ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલમાં આ મુજબનો ઉલ્લેખ કરવામાં આવેલ છે?
(A) આર્ટિકલ-31
(B) આર્ટિકલ-37
(C) આર્ટિકલ-20
(D) આર્ટિકલ-18

021. રમતવીર નંદુ નાટેકરને કઈ રમતના શ્રેષ્ઠ રમતવીર તરીકે ભારત સરકાર દ્વારા અર્જુન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?
(A) ટેબલ ટેનિસ
(B) બેડમિન્ટન
(C) હૉકી
(D) ગૉલ્ફ

022. વેબપેજમાં હાઈપરલિંક જે લખાણ સાથે જોડાયેલી હોય તેને શું કહે છે?
(A) નેટ ટેક્સ્ટ
(B) લિંક ટેક્સ્ટ
(C) એન્કર ટેક્સ્ટ
(D) માસ્ટર ટેક્સ્ટ

023. યોગ્ય જોડકા જોડો.

| | | | |
|---|---|---|---|
| a. | વિજયનગર | 1. | સાબરકાંઠા |
| b. | લાલપુર | 2. | મહીસાગર |
| c. | લીમખેડા | 3. | દાહોદ |
| d. | વિરપુર | 4. | જામનગર |

(A) a-1, c-3, b-4, d-2
(B) c-3, b-4, a-1, d-2
(C) d-1, a-2, c-3, b-4
(D) b-4, d-2, c-1, a-3



Happy Academy

Happy Academy : 9925768120

024. "દેવી અહિલ્યાબાઈ હોલ્કર" એરપોર્ટ ભારતના ક્યા શહેરમાં આવેલું છે?
(A) ચંદીગઢ
(B) ઈન્દોર
(C) કાનપુર
(D) જયપુર

025. વૌઠાનો મેળો સાત નદીઓના સંગમ સ્થળે રચાય છે. આ સાત નદીઓમાં નીચેની કઈ નદીઓનો સમાવેશ થાય છે?
(A) શેઢી, મેશ્વો, માઝમ, સાબરમતી, વાત્રક
(B) માઝમ, હાથમતી, સરસ્વતી, શેઢી, મેશ્વો
(C) અંબિકા, વાત્રક, માહી, શેઢી, સાબરમતી
(D) ખારી, વાત્રક, માહી, હાથમતી, માઝમ

026. સાબરમતી આશ્રમથી 12 માર્ચે નીકળેલી ઐતિહાસિક દાંડીકૂચના સત્યાગ્રહીઓ ક્યારે દાંડી પહોંચ્યા?
(A) 4, એપ્રિલ
(B) 7, એપ્રિલ
(C) 5 એપ્રિલ
(D) 6, એપ્રિલ

027. જો $2^x = 3^y = \frac{1}{6^z}$ હોય, તો $\frac{1}{x}+\frac{1}{y}+\frac{1}{z}$ = ............
(A) 1
(B) 2
(C) 3
(D) 0

028. ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લામાંથી પસાર થતી અંબિકા નદી પર આવેલ ધોધનું નામ જણાવો.
(A) પોયણીનો ધોધ
(B) ઝાંઝરી ધોધ
(C) ગીરા ધોધ
(D) ખોખારો ધોધ

029. તાજેતરમાં ભારતીય ખેલાડી દીપા મલિકને કઈ સંસ્થા દ્વારા તેમના બોર્ડમાં સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે નિમણૂંક આપવામાં આવી છે?
(A) ઓયો
(B) સ્વિગી
(C) ઉબર
(D) ઓલા

030. ભારતમાં કારગિલ વિજય દિવસ ક્યારે ઉજવવામાં આવે છે?
(A) 9, જાન્યુઆરી
(B) 26, જુલાઈ
(C) 18, મે
(D) 23, માર્ચ

031. નીચે પૈકી કઈ ધાતુ હંમેશા મુક્ત સ્વરૂપે મળે છે?
(A) Au
(B) Rb
(C) Cu
(D) Na

032. હિમાચલ પ્રદેશમાં આવેલ ભાકરાનાંગલ ડેમ કઈ નદી ઉપર બનાવવામાં આવેલ છે?
(A) બીઆસ નદી
(B) રાવી નદી
(C) સતલજ નદી
(D) ચેનાબ નદી



Happy Academy

Happy Academy : 9925768120

033. કમ્પ્યૂટરમાં ઉપલબ્ધ ફાઈલ અને ફોલ્ડરને ડિલીટ કરવાથી તે રિસાઈકલ બિનમાં ન જાય પરંતુ કાયમ માટે દૂર થઈ જાય તે માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) Alt + Delete
(B) Shift + Delete
(C) Tab + Delete
(D) Ctrl + Delete

034. કારક અભિસંધાનનો ખ્યાલ કોણે આપેલો?
(A) બી.એફ.સ્કિનર
(B) પાવલોવ
(C) થોર્ન ડાઈક
(D) વોટ્સન

035. પાકિસ્તાનમાંથી ભારતમાં સ્થળાંતર કરી આવેલી કેટલીક વ્યક્તિઓના નાગરિકતા હક્ક બાબતની જોગવાઈ ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલમાં કરવામાં આવેલ છે?
(A) આર્ટિકલ-6
(B) આર્ટિકલ-17
(C) આર્ટિકલ-8
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

036. 'આખા હિન્દુસ્તાનને સત્યાગ્રહ અથવા કાયદાના સવિનયભંગનો પહેલો સ્થાનિક પદાર્થપાઠ મળ્યો' એવું ગાંધીજીએ ક્યા આંદોલનમાં અનુભવ્યું?
(A) ધરાસણાનો સત્યાગ્રહ
(B) મીઠાનો સત્યાગ્રહ
(C) ગળીના ખેતમજૂરોનો સત્યાગ્રહ
(D) ખેડા સત્યાગ્રહ

037. ભારતમાં ઉજવાતો અગ્નિશમન (Fire Service Day) દિન જણાવો.
(A) 12, મે
(B) 18, ઑગસ્ટ
(C) 15, નવેમ્બર
(D) 14, એપ્રિલ

038. એક કારખાનામાં 60 મજૂરોની રોજગારીની સરાસરી રૂા. 2000 છે. જો તેમાં તેમના સુપરવાઈઝરનો પગાર સામેલ કરવામાં આવે તો સરેરાશ વેતનમાં રૂા. 80 નો વધારો થાય છે. તો સુપરવાઈઝરનો પગાર કેટલા હશે?
(A) રૂા. 6880
(B) રૂા. 6300
(C) રૂા. 6440
(D) રૂા. 6620

039. ભાનુગુપ્તના અભિલેખમાં કઈ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?
(A) બાલ વિવાહ
(B) સતી પ્રથા
(C) દહેજ પ્રથા
(D) વિધવા વિવાહ

040. 'એનોમી' નો સિદ્ધાંત કોણે આપ્યો હતો?
(A) રોબર્ટ મર્ટન
(B) હોર્ટન અને હન્ટ
(C) માર્શલ ક્લિનાર્ડ
(D) હાવર્ડ બેકર

041. શક્તિપીઠ બહુચરાજીનું સ્તુતિગાન કરનાર પ્રખ્યાત દેવીભક્તનું નામ જણાવો.
(A) વલ્લભ મેવાડો
(B) ભીમદેવ પહેલો
(C) કર્ણદેવ સોલંકી
(D) ભક્ત શામળ

042. પુખ્ત મનુષ્યમાં નાના આંતરડાની લંબાઈ લગભગ ............ છે.
(A) 4.5 m
(B) 1.5 m
(C) 3.5 m
(D) 6.5 m

Happy Academy : 9925768120

043. કોઈપણ પ્રોગ્રામને મિનીમાઈઝ કરતાં તે ક્યાં જોવા મળે છે?
(A) સ્ટેટસબાર
(B) ટાસ્કબાર
(C) મેનૂબાર
(D) ટાઈટલબાર

044. દરીયા ઉપરથી આવતું વાવાઝોડું સૌ પ્રથમ વખત જમીનને સ્પર્શે તેને શું કહેવામાં આવે છે?
(A) લૅન્ડ ફૉલ
(B) ઓશન ફૉલ
(C) મોન્સ્ટર ફૉલ
(D) અર્થ ફૉલ

045. ભારત સરકાર દ્વારા ક્યા વર્ષથી 'અર્જુન એવૉર્ડ' આપવાનું શરૂ કરવામાં આવેલ છે?
(A) 1965
(B) 1963
(C) 1961
(D) 1970

046. બંદી પ્રત્યક્ષીકરણ (Writ of Habeas Corpus) ની જોગવાઈનો ઉલ્લેખ ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલ અંતર્ગત કરવામાં આવેલ છે?
(A) આર્ટિકલ-220
(B) આર્ટિકલ-247
(C) આર્ટિકલ-289
(D) આર્ટિકલ-226

047. ગ્યાની ઝૈલસીંઘનું સમાધિસ્થળ આ નામથી ઓળખાય છે.
(A) મહાપ્રજ્ઞ ઘાટ
(B) એકતા સ્થળ
(C) કર્મભૂમિ
(D) સંઘર્ષ સ્થળ

048. ખેડાના સત્યાગ્રહ સમયે ગાંધીજીની બીજી જવાબદારી સ્વયંસેવકોની ભરતી કરવાની હતી. આ સ્વયંસેવકો ક્યા નામથી ઓળખાતા હતા?
(A) દેશી સિપાહી
(B) રંગરૂટ
(C) સત્યાગ્રહી
(D) સૈનિક

049. એક વસ્તુને રૂા. 565 વેચતા એટલો જ લાભ થાય છે જેટલો રૂા. 435માં વેચતા નુકસાન થાય છે. તો વસ્તુની મૂ. કિ. કેટલી?
(A) રૂા. 900
(B) રૂા. 500
(C) રૂા. 565
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

050. તાજેતરમાં કેન્દ્ર સરકારના વન-અને પર્યાવરણ મંત્રાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ યોજનાનું નામ જણાવો.
(A) Vision Plan (2021-2026) for Indian Zoos
(B) Vision Plan (2022-2032) for Indian Zoos
(C) Vision Plan (2021-2027) for Indian Zoos
(D) Vision Plan (2021-2031) for Indian Zoos

051. ગુજરાતના સુલતાન અહમદશાહે વસાવેલ શહેર 'અહમદનગર' આજે ક્યા નામથી ઓળખાય છે?
(A) સુલતાનપુર
(B) અમદાવાદ
(C) મહેમદાવાદ
(D) હિંમતનગર



Happy Academy

Happy Academy : 9925768120

052. ફાઈલ કે ફોલ્ડરનું નામ બદલવા માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) F1 (B) F2

(C) F3 (D) F4

053. ગુજરાત રાજ્યના કયા કયા જિલ્લાઓમાંથી કર્કવૃત્ત રેખા પસાર થાય છે?

(A) કચ્છ, અરવલ્લી, મહેસાણા, પાટણ, ગાંધીનગર

(B) પાટણ, મહીસાગર, ગાંધીનગર, મોરબી, કચ્છ

(C) મહેસાણા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર

(D) ગાંધીનગર, મહીસાગર, મહેસાણા, કચ્છ, પાટણ

054. આઝાદીની લડતના કયા ભારતીય સપુતને 'લાયન ઓફ પંજાબ' તરીકે ઓળખવામાં આવતા હતા?

(A) લાલા લજપતરાય (B) મદનલાલ ઢીંગરા

(C) વીર ભગતસિંહ (D) મદન મોહન માલવિયા

055. માનવ શરીરમાં રુધિરનું શુદ્ધિકરણ કયા અંગમાં થાય છે?

(A) હૃદય (B) કિડની

(C) આંતરડા (D) યકૃત

056. સિદ્ધપુર સ્થિત બિંદુ સરોવરમાં સ્નાન કરીને આ મહાનુભાવે માતાનું શ્રાદ્ધ કર્યું હતું. આ લોકમાન્યતાને કારણે લોકો માતૃશ્રાદ્ધ કરવા સિદ્ધપુર જાય છે.

(A) ભગવાન પરશુરામ (B) મુની દુર્વાસા

(C) દયાનંદ સરસ્વતી (D) સિદ્ધરાજ જયસિંહ

057. કયા વૈજ્ઞાનિકના મતે ધ્યાન એટલે પસંદગીયુક્ત ઉદ્દીપકો પર માનસિક કેન્દ્રીકરણ કરવું?

(A) સી.ટી.મોર્ગન (B) જેમ્સ ડ્રેવર

(C) એચ.ઈ.ગેરેટ (D) હેનિંગ

058. ગુજરાતમાં મહિલા કેળવણી માટેના આંદોલનો કોણે ચલાવ્યા હતા?

(A) હર્બર્ટ બ્લૂમર (B) રાજા રામમોહન રોય

(C) મહર્ષિ કર્વે (D) એની બેસન્ટ

059. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે ખમીરવંતા ગુજરાતીઓએ કરેલી ઐતિહાસિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને નીચેના જોડકા જોડો.

| | | | |
|---|---|---|---|
| a. | સ્વદેશી અભિયાનના પ્રણેતા | 1. | મોહનદાસ ગાંધી |
| b. | ધી ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ માસિક | 2. | અંબાલાલ સાકરલાલ દેસાઈ |
| c. | 'છોટે સરદાર' | 3. | ડૉ. ચંદુલાલ દેસાઈ |
| d. | યંગ ઈન્ડિયા સાપ્તાહિક | 4. | શ્યામજી કૃષ્ણ વર્મા |

(A) b-1, c-4, d-3, a-2 (B) c-3, d-1, a-2, b-4

(C) d-2, a-4, b-3, c-1 (D) b-2, d-4, c-3, a-1



Happy Academy

Happy Academy : 9925768120



060. ગૌરવવંતા ગુજરાતી ચંદુલાલ માધવલાલ ત્રિવેદીને 1946-47 દરમ્યાન કયા રાજ્યના ગવર્નર તરીકે નિમવામાં આવ્યા હતા?
(A) કર્ણાટક (B) આંધ્ર
(C) ઓરિસ્સા (D) તામિલનાડુ

061. છાપેલી કિંમત ઉપર 15% વળતર આપવા છતાં વેપારીને 20% નફો મળે છે. તો રૂા. 170 માં ખરીદેલી વસ્તુ પર વેપારીએ શી કિંમત છાપી હશે?
(A) રૂા. 120 (B) રૂા. 204
(C) રૂા. 240 (D) રૂા. 190

062. પ્રસિદ્ધ ''સોલ્ટ લેક સ્ટેડિયમ'' ભારતના કયા શહેરમાં આવેલું છે?
(A) કલકત્તા (B) હૈદરાબાદ
(C) તિરૂવનંતપુરમ (D) નવી મુંબઈ

063. MS Word ફાઈલની પ્રિન્ટ લેતી વખતે બાઈન્ડિંગ સાઈડની જગ્યા છોડવા માટે કોનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) Left (B) Right
(C) Binder (D) Gutter

064. ભારતમાં નેશનલ સ્પોર્ટ્સ ડે ક્યારે ઉજવવામાં આવે છે?
(A) 27, જુલાઈ (B) 23, ઓક્ટોબર
(C) 29, ઑગસ્ટ (D) 28, માર્ચ

065. ''ધરપકડ કરાયેલી કોઈપણ વ્યક્તિને બનતી ત્વરાએ તેની ધરપકડના કારણો જણાવ્યા વિના અટકમાં રાખી શકાશે નહીં.'' આ મુજબની જોગવાઈ ધરાવતો ભારતીય સંવિધાનનો આર્ટિકલ જણાવો.
(A) આર્ટિકલ-21 (ક) (B) આર્ટિકલ-42 (ખ)
(C) આર્ટિકલ-32 (ડ) (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

066. તારાઓમાં કઈ પ્રક્રિયાના લીધે વિકિરણ સ્વરૂપે ઉર્જા ઉત્પન્ન થતાં તેઓ સ્વયંપ્રકાશિત છે?
(A) ન્યુક્લિયર સંલયન (B) કોસ્મિક
(C) ન્યુક્લિયર વિખંડન (D) સુપરનોવા

067. ગુજરાત રાજ્યમાં એશિયાટિક લાયન (સિંહ) ની વસ્તી ગણત્રી (Census) ક્યા વર્ષથી શરૂ કરવામાં આવેલ છે?
(A) 1947 (B) 1936
(C) 1942 (D) 1952

068. ગુજરાત રાજ્યમાં કમલેશ્વર ડેમ કઈ નદી ઉપર આવેલો છે?
(A) ફુલ્કી (B) મછાન
(C) હીરણ (D) શાહી



Happy Academy

069. ભારતમાં ગ્રાહક સુરક્ષા ધારો સૌપ્રથમ કયા વર્ષથી અમલમાં આવ્યો?
(A) સને 1982
(B) સને 1984
(C) સને 1986
(D) સને 1985

070. સરદાર વલ્લભભાઈ પટેલે આદરેલ બારડોલી સત્યાગ્રહ કયા વર્ષમાં કરવામાં આવ્યો હતો?
(A) ઈ.સ. 1929
(B) ઈ.સ. 1926
(C) ઈ.સ. 1928
(D) ઈ.સ. 1927

071. જો નીચેના દરેક સમીકરણમાં '–' નું ચિન્હ ભાગાકાર માટે, '+' નું ચિન્હ ગુણાકાર માટે, '÷' નું ચિન્હ બાદબાકી માટે અને '×' નું ચિન્હ સરવાળા માટે હોય, તો નિચેનામાંથી કયું સમીકરણ સાચું હોય?
(A) $6 + 20 - 12 \div 7 - 1 = 38$
(B) $6 - 20 \div 12 \times 7 + 1 = 57$
(C) $6 + 20 - 12 \div 7 \times 1 = 62$
(D) $6 \div 20 \times 12 + 7 - 1 = 70$

072. મોરબીના રાજવીએ તેમના ધર્મપત્ની મણિબાઈની યાદગીરીમાં 'મણિમંદિર' ઈમારત બનાવી. આ રાજવીનું નામ જણાવો.
(A) જામ રાવળ
(B) વાઘજી ઠાકોર
(C) મહારાજા ભગવતસિંહજી
(D) જામ રણજિતસિંહ

073. કમ્પ્યૂટરમાં એક યુઝરમાંથી અન્ય યુઝરમાં જવા માટે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) Restart
(B) Switch user
(C) Log off
(D) Ctrl + Shift

074. વર્ષ 2020નો નેશનલ ફ્લોરેન્સ નાઈટિંગેલ એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો?
(A) સુજાતા રામમૂર્તિ
(B) નયના કોરવણે
(C) યામિની ચંદ્રમૂર્તિ
(D) એસ.વી.સરસ્વતી

075. વર્ષ 2013માં નવરચિત સાત જિલ્લાઓ પૈકી નીચે દર્શાવેલ કયા ચાર જીલ્લાઓની રચના કરવામાં આવી?
(A) અરવલ્લી, ગીરસોમનાથ, પાટણ, મોરબી
(B) બોટાદ, તાપી, દેવભૂમિ દ્વારકા, છોટા ઉદેપુર
(C) છોટા ઉદેપુર, ગીરસોમનાથ, મોરબી, અરવલ્લી
(D) દેવભૂમિ દ્વારકા, અરવલ્લી, ગીરસોમનાથ, તાપી

076. "મનોપચાર એટલે માનસિક રોગોનો મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા ઉપચાર" આ વ્યાખ્યા કોણે આપી છે?
(A) ટર્મન
(B) જેમ્સ ડ્રેવર
(C) ફ્રોઈડ
(D) વેહનર અને ક્યૂબ



Happy Academy

Happy Academy : 9925768120

077. ગુજરાત વિધાનસભાના સૌ પ્રથમ અધ્યક્ષ કોણ હતા?
(A) માનસિંહજી રાણા
(B) બળવંતરાય ઠાકોર
(C) કલ્યાણજી મહેતા
(D) કુંદનલાલ ધોળકીયા

078. "સાપેક્ષવાદનો સિદ્ધાંત" ક્યા વૈજ્ઞાનિકે આપ્યો?
(A) ન્યૂટન
(B) આલ્બર્ટ આઈન્સ્ટાઈન
(C) કેપ્લર
(D) હબલ

079. કોના મતે "સંચાર અને માહિતી, વિચારો અને વલણો" ને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પરિવર્તિત કરવાની કળા છે?
(A) વિદ્યુત જોષી
(B) કીથ ડેવિસ
(C) એડવર્ડ એમરી
(D) માર્કોની

080. સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વીમેન એટ વર્કપ્લેસ (પ્રીવેન્શન, પ્રોહિબીશન એન્ડ રીડ્રેસલ) એક્ટ ભારતીય લોકસભામાંથી ક્યા વર્ષમાં પસાર કરવામાં આવ્યો?
(A) 2010
(B) 2012
(C) 2011
(D) 2013

081. "હિંદ છોડો" ચળવળ સમયે પોતાના જાનની આહૂતિ આપનાર શહીદ વીર કિનારીવાલાની અમદાવાદ, ગુજરાત કોલેજ ખાતેની ખાંભીનું અનાવરણ કોના વરદ્હસ્તે કરવામાં આવ્યુ હતું?
(A) વલ્લભભાઈ પટેલ
(B) મોહનદાસ ગાંધી
(C) ઈન્દુલાલ યાજ્ઞિક
(D) જયપ્રકાશ નારાયણ

082. LCD નું પૂરું નામ શું છે?
(A) Liquid Crystal Display
(B) Liquid Central Display
(C) Liquid Card Database
(D) Liquid Control Display

083. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને ભારત સરકાર દ્વારા ક્યા વર્ષમાં 'ભારત રત્ન' નો એવોર્ડ આપવામાં આવ્યો હતો?
(A) 1995
(B) 1997
(C) 1999
(D) 2001

084. ભારતના ક્યા રાજ્યમાં નંદા દેવી અભયારણ્ય આવેલ છે?
(A) ઝારખંડ
(B) મધ્યપ્રદેશ
(C) ઉત્તરાખંડ
(D) આસામ

085. અલકા માલા કરતાં વધુ ઉંમરની છે. ગોપાલ માલા કરતાં વધુ ઉંમરનો છે પણ અલકા કરતાં ઓછી ઉંમરનો છે. કપિલની ઉંમર રામ અને માલા કરતાં ઓછી છે અને માલા રામ કરતાં વધુ ઉંમરની છે. તો ઉંમરની દૃષ્ટિએ ગોપાલ અને રામની વચ્ચે કોણ આવશે?
(A) રામ
(B) માલા
(C) અલકા
(D) કપિલ

Happy Academy : 9925768120

086. અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતોની વિશિષ્ટ જોગવાઈ કરતો કાયદો કઈ સમિતિની ભલામણને આધારે કરવામાં આવ્યો?
(A) બળવંતરાય મહેતા સમિતિ
(B) અશોક મહેતા સમિતિ
(C) ઝીણાભાઈ દરજી સમિતિ
(D) ભુરિયા સમિતિ

087. ગુજરાતના સાંસ્કૃતિક વારસાને યોગ્ય રીતે જોડો.

| | | | |
|---|---|---|---|
| 1. | અડીકડીની વાવ | a. | પાટણ |
| 2. | કાજી વાવ | b. | ભદ્રેશ્વર |
| 3. | રાણકી વાવ | c. | હિંમતનગર |
| 4. | દૂધિયા વાવ | d. | જૂનાગઢ |

(A) 3-a, 1-d, 2-c, 4-b
(B) 4-b, 3-a, 1-c, 2-d
(C) 1-d, 2-c, 3-b, 4-a
(D) 2-c, 4-b, 1-a, 3-d

088. મહુડી ખાતેના પવિત્ર ઘંટાકર્ણ મહાવીર સ્વામીના જૈન મંદિરના સ્થાપકનું નામ જણાવો.
(A) ધર્મસાગરસૂરીશ્વરજી મ. સા.
(B) વિદ્યાસાગરસૂરીશ્વરજી મ. સા.
(C) યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.
(D) બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.

089. ભારતના કયા રાજ્ય/કેન્દ્રશાષિત પ્રદેશ દ્વારા તાજેતરમાં 'પ્રશાસન ગાંવ કે સંગ' કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે?
(A) છત્તીસગઢ
(B) મધ્યપ્રદેશ
(C) રાજસ્થાન
(D) હરિયાણા

090. સમગ્ર વિશ્વના દેશો ડ્રગ્સ-નારકોટીક્સના બંધાણીઓનો સામનો કરી રહ્યા છે. તેમની આ આદતને ખાળવા અને તેની સામે લોકમત જાગૃત કરવા "વર્લ્ડ એન્ટી નારકોટીક્સ ડે" (International Day Against Drug Abuse and Illicit Trafficking) વર્ષની કઈ તારીખે મનાવવામાં આવે છે?
(A) 26 જુન
(B) 16 મે
(C) 23 જુન
(D) 22 એપ્રિલ

091. પ્રકાશનો હવામાં વેગ ................ માઈલ્સ/સેકન્ડ
(A) 1860
(B) 18600
(C) 186000
(D) $1.86 \times 10^6$

092. ભારતના કયા રાજ્યોમાં/કેન્દ્રશાષિત પ્રદેશોમાં દારૂબંધી અમલમાં છે?
(A) મણિપુર, ગુજરાત, ત્રિપુરા, બિહાર
(B) ગુજરાત, લક્ષ્યદ્વીપ, મણિપુર, બિહાર
(C) નાગાલેન્ડ, ત્રિપુરા, લક્ષ્યદ્વીપ, ગુજરાત
(D) મિઝોરમ, ગુજરાત, નાગાલેન્ડ, બિહાર,

093. કમ્પ્યૂટરમાં ડેટા સ્ટોરેજ આધારિત નીચેના પૈકી સૌથી મોટો એકમ કયો છે?
(A) YB (Yotta Byte)
(B) PB (Peta Byte)
(C) ZB (Zetta Byte)
(D) TB (Tera Byte)



Happy Academy

Happy Academy : 9925768120

094. મધ્ય પ્રદેશને ક્યા ચાર રાજ્યોની હદ સ્પર્શે છે?
(A) બિહાર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર
(B) ઝારખંડ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ
(C) ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, બિહાર
(D) રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ

095. શ્રેણી પૂર્ણ કરો.
5, 17, 43, 89, .............
(A) 122
(B) 147
(C) 161
(D) 189

096. શારીરિક પ્રતિક્રિયાનું મોડેલ કોણે રજૂ કર્યું?
(A) હાન્સ સેલી
(B) લેઝારસ
(C) કોલમેન
(D) વોલ્ટર કેનન

097. ભારતના સૌ પ્રથમ ન્યુક્લિઅર રીએક્ટરને ક્યા નામથી ઓળખવામાં આવે છે?
(A) ન્યુક્લીઆ
(B) દામિની
(C) ર્વન રીએક્ટર
(D) અપ્સરા

098. ધ્યાનચંદ લાઈફટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડની શરૂઆત ક્યા વર્ષથી કરવામાં આવી?
(A) 2000
(B) 1999
(C) 2002
(D) 2004

099. મંડલ કમિશનમાં ભારતના ક્યા સમાજશાસ્ત્રીને કામગીરી સોંપવામાં આવી હતી?
(A) આઈ. પી. દેસાઈ
(B) અક્ષયકુમાર દેસાઈ
(C) એમ. એન. શ્રીનિવાસ
(D) તારાબેન પટેલ

100. ભારતમાં 61મા બંધારણીય સુધારા દ્વારા લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં મતાધિકારની ઉંમર 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી. આ સુધારો ક્યા વર્ષથી અમલમાં આવ્યો?
(A) 1987
(B) 1988
(C) 1986
(D) 1989

101. ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949ની જોગવાઈઓ અનુસાર કોઈ પણ દારૂ જપ્ત કર્યો હોય તો સમય ગુમાવ્યા વિના તે દારૂનો નમૂનો વિગતવાર પૃથ્થકરણ રિપોર્ટ માટે રાજ્યની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાને તાત્કાલિક મોકલવાની ફરજ કોની રહેશે?
(A) કલેક્ટર અથવા જિલ્લા વિકાસ અધિકારી
(B) નિષ્ણાંત બોર્ડના અધ્યક્ષ અથવા સભ્યશ્રી
(C) મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી
(D) નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારી

Happy Academy : 9925768120

102. ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈઓમાં આ અધિનિયમમાં ઓછામાં ઓછી શિક્ષાની જોગવાઈ ક્યા ગુના માટે દર્શાવી છે?
(A) કેફી પદાર્થ ખરીદવા બદલ શિક્ષા
(B) અમુક કૃત્યો કરવાને પ્રેરવા અથવા ઉત્તેજન આપવા બદલ શિક્ષા
(C) સારી વર્તણૂંક રાખવા અંગે જામીનગીરીની માગણી બાબત
(D) કોઈ કેફી પદાર્થ અથવા ભાંગ-ગાંજો માપવા અથવા તેનું વજન કરવા માટેના માપ અને વજન અથવા દારૂના કરની કસોટી કરવાના સાધનો મેળવી લેવામાં અથવા તેમને સારી સ્થિતિમાં રાખવામાં ગફલત કરવા બદલ શિક્ષા

103. ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈઓ અનુસાર કોણે અપીલમાં કરેલા હુકમ સામે કોઈ અપીલ થઈ શકતી નથી?
(A) કમિશનરે
(B) નશાબંધી અધિકારીએ
(C) નિયામકે
(D) પોલીસ અધિકારીએ

104. ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈઓ અનુસાર સરકાર, દાખલ થવાને પાત્ર કોઈ વસ્તુ જલ્દી અને કુદરતી રીતે બગડી જાય તેવી હોય અથવા નજીવી કિંમતની હોય તેવી વસ્તુનો વેચવાનો અથવા તેનો નાશ કરવાનો આદેશ નીચેનામાંથી કોણ કરશે?
(A) (નિયામક) કલેક્ટર
(B) કોર્ટ
(C) રાજ્ય સરકારે અધિકૃત કરેલા અધિકારી
(D) ઉપરોક્ત તમામ

105. ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈઓ અનુસાર આ અધિનિયમ હેઠળ કોઈ સત્તા વાપરવાને અથવા કોઈ કાર્ય બજાવવાની સત્તા આપેલા બધા અધિકારીઓ અને વ્યક્તિઓ ક્યા અધિનિયમ પ્રમાણે રાજ્ય સેવકો ગણાશે?
(A) ભારતના સંવિધાન અધિનિયમ
(B) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ
(C) ભારતના ફોજદારી અધિનિયમ
(D) સિવિલ પ્રોસીજર કોડ

106. ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, 1973 (સન 1974 નો અધિનિયમ ક્રમાંક 2) ની જોગવાઈઓ અનુસાર કોઈ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને સ્ટેશનની હદમાંથી ખોટા તોલાં, માપ અથવા તોળવાના સાધનો મળી આવે તો તેને કબજે લઈ, કબજે લીધાની તરત ખબર કોને આપશે?
(A) પ્રોસિક્યુશનના નિયામકને
(B) સેશન્સ જજને
(C) જિલ્લાના પોલીસ વડાને
(D) હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને

107. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર કોઈ વ્યક્તિ બોલીને કે લખીને કે બીજી કોઈ રીતે રાજદ્રોહી બાબતોનો પ્રચાર કરતી હોવાની માહિતી મળે તો પોતાને યોગ્ય લાગે તે વધુમાં વધુ એક વર્ષ સુધીની મુદત દરમ્યાન તેના સારા વર્તન માટે જામીન સહિતનો કે તે વિનાનો મુચરકો આપવાનો તેને શા માટે હુકમ ન કરવો તેનું કારણ દર્શાવવા કોણ ફરમાવી શકશે?
(A) પબ્લિક પ્રોસિક્યુટર
(B) જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
(C) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
(D) સ્થાનિક પોલીસ ઈન્ચાર્જ અધિકારી



Happy Academy

Happy Academy : 9925768120

108. રાજ્ય સરકાર, જાહેરનામાથી એવું જાહેર કરી શકશે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી રાજ્યના જે શહેર કે નગરની વસ્તી કેટલા કરતા વધુ હોય તે શહેર કે નગરનો વિસ્તાર ફોજદારી કાર્યરીતિ અધિનિયમના હેતુઓ માટે મેટ્રોપોલિટન વિસ્તાર રહેશે?

(A) દસ લાખ
(B) વીસ લાખ
(C) પાંચ લાખ
(D) પંદર લાખ

109. પ્રોસિક્યુશનના નિયામક અથવા પ્રોસિક્યુશનના નાયબ નિયામકની નિમણૂંક માટેની લાયકાતમાં 10 વર્ષ કરતા ઓછા નહીં તેવા સમયગાળાથી વકીલાતના વ્યવસાયમાં હોય અને આવી નિમણૂંક કોની સંમતિથી રાજ્ય સરકાર કરી શકશે?

(A) રાજ્યપાલની
(B) ઉચ્ચતમ ન્યાયાલયના ચીફ જસ્ટીસની
(C) ઉચ્ચ ન્યાયાલયના ચીફ જસ્ટીસની
(D) કાયદા મંત્રીની

110. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર આરોપીના આરોગ્ય અને સલામતીની વ્યાજબી કાળજી રાખવાની ફરજ કોની છે?

(A) જિલ્લા પોલીસ વડાની
(B) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીની
(C) આરોપીનો હવાલો ધરાવનાર વ્યક્તિની
(D) તબીબી અધિકારીની

111. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર ગમે તે મજકૂર હોય તે છતાં સંઘના સશસ્ત્ર દળોના કોઈ સભ્યને પોતાની સરકારી ફરજ બજાવતી વખતે તેણે કરેલ અથવા કરવું અભિપ્રેત હોય તેવા કોઈ કૃત્ય માટે કોની સંમતિ મેળવ્યા વિના પકડી શકાશે નહીં?

(A) કેન્દ્ર સરકાર
(B) રાજ્ય સરકાર
(C) રાજ્યપાલ
(D) રાષ્ટ્રપતિ

112. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર જ્યાં ચોરીનો માલ, બનાવટી દસ્તાવેજ વગેરે હોવાનો શક જાય તે જગ્યાની ઝડતી અંગેની કલમમાં નીચેની વાંધાજનક વસ્તુઓમાં કઈ વસ્તુ અયોગ્ય જણાય છે?

(A) કોપી રાઈટ, પેટન્ટ કે ટ્રેડમાર્કનો ભંગ કરીને એકઠી કરેલી માહિતી
(B) બનાવટી દસ્તાવેજો
(C) બનાવટી ચલણી નોટો, બનાવટી સ્ટેમ્પ
(D) બનાવટી સીલ

113. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર જાહેર ત્રાસદાયક બાબત દૂર કરવા માટેના હુકમ સામે નીચેના કયા ન્યાયાલયોમાં વાંધો ઉઠાવી શકાશે નહીં?

(A) સીટી સીવીલ કોર્ટમાં
(B) દીવાની ન્યાયાલયમાં
(C) ખાસ ન્યાયાલયોમાં
(D) ફેમીલી કોર્ટમાં

Happy Academy : 9925768120

114. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર જાહેર ત્રાસદાયક બાબતોના સંદર્ભમાં 'જાહેર જગ્યા' માં નીચેની કઈ બાબતનો સમાવેશ થાય નથી?
(A) રાજ્યની માલિકીની મિલકતનો પડાવ
(B) મેદાનો
(C) રાજ્યની માલિકીના ન હોય તેવા દેવસ્થાનોની જગ્યાઓ
(D) સ્વચ્છતા કે મનોરંજન માટે ખાલી રાખેલા મેદાનો

115. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973ની જોગવાઈઓ અનુસાર સુલેહ અને સારા વર્તન માટેની જામીનગીરી ન આપવા માટે જે મુદત (કોઈપણ હોય તો તે) સુધી કોઈ વ્યક્તિને કેદમાં રાખવામાં આવેલ હોય તે મુદત કેટલા વર્ષથી વધવી જોઈશે નહીં?
(A) બે વર્ષ
(B) ત્રણ વર્ષ
(C) એક વર્ષ
(D) છ મહિના

116. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 (સન 1974 નો અધિનિયમ ક્રમાંક 2) ફોજદારી કાર્યરીતિ સંબંધી કાયદો એકત્રિત કરી સુધારવા બાબતનો અધિનિયમ સંસદ ભારતના ગણ રાજ્યના ક્યા વર્ષમાં આ અધિનિયમ કરે છે?
(A) પચીસમા
(B) ચોવીસમા
(C) અઠાવીસમા
(D) ત્રેવીસમા

117. ફોજદારી કાર્યરીતી અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર રાજ્ય સેવકોને કાયદેસરના અધિકારના તિરસ્કાર, જાહેર ન્યાય વિરુદ્ધના ગુના અને પૂરાવામાં આપેલા દસ્તાવેજો સંબંધી ગુના માટે ફોજદારી કામ ચલાવવા અંગેની જોગવાઈઓ આ અધિનિયમના ક્યા પ્રકરણમાં આપવામાં આવી છે?
(A) પ્રકરણ - 24
(B) પ્રકરણ - 14
(C) પ્રકરણ - 36
(D) પ્રકરણ - 18

118. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહી માટેની કાર્યરીતિ હેઠળ ગુનો સાબિત થાય ત્યારે વધુમાં વધુ કેટલી શિક્ષા ફરમાવી શકાશે?
(A) ત્રણ મહિનાથી વધુ મુદતની કેદની સજા
(B) ત્રણ મહિનાથી વધુ મુદતની કેદની સજા નહીં
(C) છ મહિના સુધીની કેદની સજા
(D) છ મહિનાથી વધુ મુદતની કેદની સજા

119. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર કોઈ ગુનાની તપાસ કે ઈન્સાફી કાર્યવાહી માટે ફોજદારી ન્યાયાલય જ્યાં કામ કરી રહેલ હોય તે સ્થળ, ખૂલ્લું ન્યાયાલય ગણાશે. આ કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં ભારતના ફોજદારી ધારાની કલમ-376 હેઠળના ગુનાની તપાસ અને બળાત્કારીની ઈન્સાફી કાર્યવાહી બંધ કમરામાં ચલાવવી જોઈશે. 'વધુમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે બંધ બારણે (ઈન કેમેરા) ઈન્સાફી કાર્યવાહી બને ત્યાં સુધી કોઈ સ્ત્રી જજ અથવા સ્ત્રી મેજિસ્ટ્રેટ દ્વારા ચલાવવામાં આવશે' આ જોગવાઈ આ અધિનિયમમાં કઈ તારીખે ઉમેરવામાં આવી છે?
(A) તા. 21-4-2018
(B) તા. 8-9-2017
(C) તા. 31-12-2009
(D) તા. 3-2-2013



Happy Academy

Happy Academy : 9925768120

**120.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈઓ અનુસાર સારા વર્તન માટે જામીનગીરી આપવામાં કસૂર થયે જેલમાં મોકલવાનું વોરન્ટ (કલમ-122) ના નમૂના ક્યા નંબરથી આપવામાં આવ્યો છે?

(A) નમૂના નં. 16

(B) નમૂના નં. 13

(C) નમૂના નં. 49

(D) નમૂના નં. 55

**121.** ભારતનો ફોજદારી અધિનિયમ, 1860 ની જોગવાઈઓ અનુસાર પોતાની વર્તણૂંકના પ્રકાર અને તેના પરિણામોનો તે પ્રસંગે સાચો ખ્યાલ કરવા પૂરતી જેની સમજશક્તિ પરિપક્વ થઈ ન હોય તેવા સાત વર્ષથી વધુ અને બાર વર્ષથી ઓછી વયના બાળકે કરેલું કૃત્ય કેવું ગણાય?

(A) માનવાને કારણે ગણાય

(B) ગુનો નથી

(C) હકીકતનો પ્રશ્ન ગણાય

(D) ન્યાયાલયની હકૂમત ગણાય

**122.** ભારતનો ફોજદારી અધિનિયમ, 1860 ની જોગવાઈઓ અનુસાર કેટલા વ્યક્તિઓની મંડળીને, જો તેની અંગભૂત વ્યક્તિઓનો સમાન ઉદ્દેશ નીચે મુજબ હોય તો 'કાયદા વિરુદ્ધની મંડળી' કહેવામાં આવે છે?

(A) પાંચથી વધુ પણ દસથી ઓછા

(B) બે અથવા વધુ

(C) પાંચ અથવા વધુ

(D) ત્રણ અથવા વધુ

**123.** ભારતનો ફોજદારી અધિનિયમ, 1860 ની જોગવાઈઓમાં પુરુષ કોઈ કૃત્યો કરે તેના જાતીય સતામણી અંગેના કૃત્યો પૈકી નીચેનામાંથી ક્યુ કૃત્ય સાચું નથી?

(A) અનિચ્છનીય અને સ્પષ્ટ જાતિય માગણીઓ સમાવિષ્ટ હોય તેવો શારીરિક સંપર્ક અને ગેરલાભ લે

(B) કોઈ સ્ત્રીની ઈચ્છાથી અશ્લિલ સાહિત્ય બતાવે

(C) જાતિય સહકારની માગણી અથવા વિનંતી કરે

(D) જાતિય કામુક ટીપ્પણી કરે

**124.** ભારતનો ફોજદારી અધિનિયમ, 1860 ની જોગવાઈઓ અનુસાર 'શોષણ' એ શબ્દ પ્રયોગમાં નીચેની કઈ બાબતનો સમાવેશ યોગ્ય નથી?

(A) વેતન આપ્યા વિના રાત-દિવસ મજૂરી કરાવવી

(B) જાતીય શોષણ, ગુલામી જેવા બીજા કાર્યો કરાવવા

(C) બંધનમાં રાખવું

(D) બળપૂર્વક શરીરના અંગો કાઢી નાખવાનો સમાવેશ થાય છે

**125.** ભારતનો ફોજદારી અધિનિયમ, 1860 ની જોગવાઈઓ અનુસાર જાહેર માર્ગ, પુલ, નદી અથવા નહેરને હાનિ પહોંચાડીને બગાડ કરવાની બાબત આ અધિનિયમના ક્યા પ્રકરણમાં આપવામાં આવી છે?

(A) પ્રકરણ - 17

(B) પ્રકરણ - 8

(C) પ્રકરણ - 5(ક)

(D) પ્રકરણ - 18

Happy Academy

Happy Academy : 9925768120

126. ભારતનો ફોજદારી અધિનિયમ 1860 ની જોગવાઈઓ અનુસાર જાતીય સંભોગના ગુનાઓમાં 'સુપ્રિટેન્ડેન્ટ' ના અર્થઘટનમાં નીચેની કઈ બાબત યોગ્ય નથી?
(A) હોસ્પિટલ, દવાખાનાનો વહીવટ, દેખરેખ અને નિયંત્રણ ધરાવનાર
(B) જેલ, રીમાન્ડ હોમ અથવા અન્ય કસ્ટડી રાખવાનું સ્થળ
(C) સ્ત્રીઓ અથવા બાળકોની સંસ્થા, જેમાં આવી જેલ, રીમાન્ડ હોમ અથવા અન્ય કસ્ટડી રાખવાનું સ્થળ
(D) સંસ્થામાં કાર્યાલય ધરાવનાર વ્યક્તિનો સમાવેશ થાય છે કે જેનાથી આવી વ્યક્તિ તેમાં રહેનારાઓ ઉપર તેની સત્તા વાપરી શકતી હોય અથવા નિયંત્રણ ધરાવતી હોય

127. ભારતનો ફોજદારી અધિનિયમ, 1860 ની જોગવાઈઓમાં 'હથિયારો' ની વ્યાખ્યામાં કોનો સમાવેશ થાય છે?
(A) કોઈ ગુના કે બચાવ માટે દર્શાવેલ ડીઝાઈનના અથવા અનુકૂળ કોઈપણ શસ્ત્રો
(B) જેમાં અગ્નિશસ્ત્ર, તીક્ષ્ણ ધારદાર શસ્ત્ર
(C) લાઠી, દંડા અને લાકડીઓનો
(D) ઉપરોક્ત તમામનો સમાવેશ થાય છે

128. વ્યભિચાર અંગેનો ગૂનો નીચેના ક્યા પ્રકારના ગૂનામાં આવી શકે?
(A) ગુનાહિત વિશ્વાસઘાત
(B) પતિ અથવા પતિના સગાની ક્રૂરતા બાબતના ગૂના
(C) લગ્ન સંબંધી ગુનાઓ
(D) ઠગાઈ

129. ભારતનો ફોજદારી અધિનિયમ, 1860 ની જોગવાઈઓમાં ચૂંટણીઓ સંબંધી ગુનાઓ ક્યા પ્રકરણમાં આપવામાં આવ્યા છે?
(A) પ્રકરણ - 17
(B) પ્રકરણ - 19
(C) પ્રકરણ - 6
(D) પ્રકરણ - 9(ક)

130. ભારતનો ફોજદારી અધિનિયમ, 1860 ની જોગવાઈઓ અનુસાર ચોરાયેલી મિલકત વગેરે પાછી મેળવવામાં મદદ કરવા બક્ષિસ લેવા બાબતની જોગવાઈ આ અધિનિયમના ક્યા પ્રકરણમાં કરવામાં આવી છે?
(A) પ્રકરણ - 8
(B) પ્રકરણ - 11
(C) પ્રકરણ - 17
(D) પ્રકરણ - 16

131. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓ અનુસાર કેટલા વર્ષ દરમ્યાન હયાત હોવાનું જેના વિષે જાણવામાં આવ્યું હોય તે વ્યક્તિનું મૃત્યુ સાબિત કરવાનો બોજો તે મૃત્યુ પામી હોવાનું પ્રતિજ્ઞાપૂર્વક કહેનારી વ્યક્તિ ઉપર છે?
(A) સાત વર્ષ
(B) ત્રીસ વર્ષ
(C) વીસ વર્ષ
(D) પચ્ચીસ વર્ષ

Happy Academy : 9925768120

132. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓ અનુસાર ગૌણ પુરાવામાં કઈ બાબતનો સમાવેશ થાય છે?

(A) આમાં હવે પછી આવતી જોગવાઈઓ હેઠળ આપેલી પ્રમાણિત નકલો

(B) જેનાથી આપો આપ ખરી નકલો નીકળતી હોય એવી યાંત્રિક પ્રક્રિયાઓ વડે અસલ ઉપરથી કરેલી નકલો અને એવી નકલો સાથે મેળવેલી નકલો

(C) અસલ ઉપરથી કરેલી નકલો અથવા અસલ નકલ સાથે મેળવેલી નકલો

(D) ઉપરોક્ત તમામ પુરાવા

133. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓ અનુસાર જ્યુરી અથવા એસેસરોની મદદથી ચલાવતા કેસોમાં, સાક્ષીઓને ઉચિત ગણાય તેવા પ્રશ્નો કોની રજાથી પૂછી શકાય?

(A) પ્રતિપક્ષીયની

(B) જ્યુરીની

(C) ન્યાયાધીશની

(D) એસેસરોની

134. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓમાં ચારિત્ર્ય વિષેના સાક્ષીઓની જોગવાઈ આ અધિનિયમના ક્યા પ્રકરણમાં આપવામાં આવી છે?

(A) દસ્તાવેજી પુરાવા વિશે

(B) સાક્ષીઓ તપાસવા વિશે

(C) સાબિતીના બોજા વિશે

(D) દસ્તાવેજી પુરાવો હોય ત્યારે, મૌખિક પુરાવો નહીં લેવા વિશે

135. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓ અનુસાર આરોપી પાસેથી મળેલી માહિતીનો કેટલો ભાગ સાબિત કરી શકાય. આ કલમના આવશ્યક તત્વોમા નીચેનું ક્યું તત્વ અયોગ્ય છે?

(A) કોઈ ગુનાના આરોપી પાસેથી મળેલી માહિતી ઉપરથી મળી આવેલી કોઈ હકિકત જુબાનીમાં રજૂ કરવામાં ન આવે

(B) આરોપી પોલીસના હવાલામાં હોવો જોઈએ

(C) મળેલી માહિતી ગુનાના સંબંધમાં હોવી જોઈએ અને પ્રસ્તુત હોવી જોઈએ

(D) મળી આવેલી હકીકત આરોપીએ આપેલી માહિતીને પરિણામે મળી હોવી જોઈએ

136. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓને કેટલાક ભાગોમાં વહેંચી દેવામાં આવી છે. આ ભાગોમાં નીચે પૈકી ક્યો ભાગ સાચો નથી?

(A) પ્રતિબંધ

(B) હકીકતોની પ્રસ્તુતા

(C) સાબિતી વિશે

(D) પુરાવાની રજૂઆત અને તેની અસર બાબત



Happy Academy

Happy Academy : 9925768120

137. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓમાં મૃત્યુ પામેલી અથવા ન મળી આવતી વ્યક્તિ વગેરેએ જ પ્રસ્તુત હકીકત વિશે કરેલું કથન તે મૃત્યુના કારણ સંબંધી હોય તેવા સંજોગોની જોગવાઈઓમાં નીચેની કઈ બાબત સાચી નથી?
(A) મરણોન્મુખ નિવેદન મૌખિક અગર લેખિત હોઈ શકે છે
(B) જે વ્યક્તિનું મૃત્યુ થયું હોય તેના મૃત્યુના કારણ અંગેનુ હોઈ શકે છે
(C) જે વ્યક્તિ મૃત્યુ પામી તેનુ જ નિવેદન હોવું જરૂરી નથી
(D) જે વ્યક્તિ મૃત્યુ પામી હોય તેના મૃત્યુ તરફ દોરી જતા બાબતના સંજોગો દર્શાવતું હોવું જોઈએ

138. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓ અનુસાર સાક્ષીઓને તપાસવાની જોગવાઈમાં સરતપાસ-સાક્ષી તપાસણીનો ક્રમ અનુસાર સાક્ષીની તપાસ મુખત્વે કેટલા તબક્કામાંથી પસાર થાય છે?
(A) બે
(B) ચાર
(C) ત્રણ
(D) પાંચ

139. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓ અનુસાર કલમ-32 અથવા કલમ-33 હેઠળ પ્રસ્તુત હોય તેવા સાબિત થયેલા કથનના સંબંધમાં કઈ બાબતો સાબિત કરી શકાશે. આ જોગવાઈ આ અધિનિયમના નીચેના ક્યા પ્રકરણમાં આપવામાં આવી છે?
(A) પ્રકરણ - 5
(B) પ્રકરણ - 7
(C) પ્રકરણ - 10
(D) પ્રકરણ - 6

140. ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈઓ અનુસાર જેને તે સંબોધ્યાનું અભિપ્રેત થતું હોય તે મેળવનારને મૂળ મોકલનાર દ્વારા ઈલેક્ટ્રોનિક મેઈલ સર્વર મારફતે મોકલાવેલો ઈલેક્ટ્રોનિક સંદેશો, રવાના કરવા માટે તેના કોમ્પ્યુટરમાં ભરવામાં આવેલા સંદેશા પ્રમાણે છે એમ ન્યાયાલય માની લઈ શકશે, પણ જેણે તે સંદેશો રવાના કર્યો હોય તે વ્યક્તિ વિશે ન્યાયાલય કશું માની લઇ શકશે નહીં. આ જોગવાઈ આ અધિનિયમના ક્યા પ્રકરણમાં આપવામાં આવી છે?
(A) પ્રકરણ - 6
(B) પ્રકરણ - 10
(C) પ્રકરણ - 7
(D) પ્રકરણ - 5

141. લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ હેઠળની સ્પેશ્યલ કોર્ટનું જ્યુડિશિયલ સ્ટેટ્સ કયું ગણાશે?
(A) સીનીયર ડિવિઝન કોર્ટ
(B) પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટ
(C) સેશન્સ કોર્ટ
(D) જુનિયર ડિવિઝન કોર્ટ

142. લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ હેઠળની સ્પેશ્યલ જજની કોર્ટમાં સ્પેશ્યલ જજની સમક્ષ ફોજદારી કાર્યવાહીનું સંચાલન કરનાર વ્યક્તિ કોણ હશે?
(A) પ્રોસિક્યુશન ડાયરેક્ટર
(B) પબ્લિક પ્રોસિક્યુટર
(C) એડવોકેટ જનરલ
(D) ધારાશાસ્ત્રી



Happy Academy

Happy Academy : 9925768120

**143.** લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈઓ અનુસાર આ અધિનિયમ અનુસારના ગુનાઓ ચલાવવા અને નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તાર અથવા તેવા કેસ અથવા કેસોના ગ્રુપ માટે જરૂરી જણાય તેટલા સ્પેશ્યલ જજની નીમણૂંક કોણ કરે છે?

(A) હાઈકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટ

(B) લોકસભા અથવા રાજ્યના વિધાનમંડળો

(C) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર

(D) એટર્ની જનરલ અથવા એડવોકેટ જનરલ

**144.** લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈઓ અનુસાર કોઈ પણ વ્યક્તિના હિસાબો સંબંધી બેન્કરના ચોપડા તપાસવાની સત્તા નીચેના ક્યા અધિકારીને આ બાબતના ખાસ અધિકારો આપેલા છે?

(A) પોલીસ ઈન્સ્પેક્ટરના દરજ્જાના પોલીસ અધિકારી

(B) પોલીસ સબ ઈન્સ્પેક્ટરના દરજ્જાના ઉપરના દરજ્જાના પોલીસ અધિકારી

(C) પોલીસ સુપ્રિટેન્ડેન્ટના દરજ્જાના અથવા તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પોલીસ અધિકારી

(D) પોલીસ સુપ્રિટેન્ડેન્ટના દરજ્જાની નીચેના દરજ્જાના કોઈ પોલીસ અધિકારી

**145.** લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ, 1988ની ની જોગવાઈઓ અનુસાર ફોજદારી કામ ચલાવવા માટે પૂર્વ મંજૂરીની જરૂરિયાતની જોગવાઈઓમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ 1973 માં ગમે તે મજકૂર હોય છતાં સ્પેશ્યલ જજે કરેલા નિર્ણય, સજા અથવા હુકમમાં જોઈતી પૂર્વ મંજૂરીના અભાવે અથવા કોઈ ભૂલ, કસૂર અથવા અનિયમિતતાને કારણે કોર્ટના અભિપ્રાય મુજબ તેના દ્વારા હકીકતમાં ન્યાય નિષ્ફળ જવાનો પ્રસંગ બન્યો હોય તે સિવાય કોર્ટ દ્વારા શું કરી શકાશે નહીં?

(A) અપીલ

(B) બહાલી

(C) રીવીઝનમાં કોર્ટ દ્વારા સુધારો કે ફેરફાર

(D) ઉપરોક્ત તમામ કરી શકાશે નહીં

**146.** લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ, 1988 અમલમાં આવતા આ વિષયને સંબંધિત અગાઉના અન્ય ક્યા અધિનિયમ કે વૈધાનિક જોગવાઈઓ રદ કરવામાં આવી છે?

(A) લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ, 1947

(B) ક્રિમીનલ લો એમેન્ડમેન્ટ એક્ટ, 1952

(C) ઈન્ડિયન પીનલ કોડની કલમો-161 થી 165(એ) (બન્ને સહિત)

(D) ઉપરોક્ત તમામ

**147.** લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈઓ અનુસાર સ્પેશ્યલ જજની કોર્ટ ઉપર અપીલ અને રીવીઝન અંગેની સત્તાઓ કઈ કોર્ટને રહેશે?

(A) સેસન્સ કોર્ટ

(B) સ્પેશ્યલ કોર્ટ

(C) હાઈકોર્ટ

(D) સેન્ટ્રલ વિજીલન્સ કમિશન

Happy Academy

Happy Academy : 9925768120

148. લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈઓ અનુસાર ભૂમિ, નૌકા અને હવાઈદળ, બી.એસ.એફ, કોસ્ટ ગાર્ડ અને એન.એસ.જી. એક્ટના કોઈપણ કાયદાના હેતુ માટે સ્પેશ્યિલ જજની કોર્ટ કઈ કોર્ટ હોવાનું ગણાશે?

(A) સામાન્ય ક્રિમીનલ જસ્ટીસ કોર્ટ
(B) સીવીલ જજની કોર્ટ
(C) જુવેનાઈલ જસ્ટીસ કોર્ટ
(D) મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટ

149. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 કઈ તારીખથી અમલમાં આવ્યા?

(A) તા. 15.8.1971
(B) તા. 10.8.1971
(C) તા. 15.4.1971
(D) તા. 21.12.1971

150. લાંચ-રૂશ્વત નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈઓ અનુસાર સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તાની જોગવાઈ હેઠળ કોઈ વ્યક્તિ દોષિત ઠર્યાની બાબતમાં કેટલી મુદતની કેદની સજા કરવાનું સ્પેશ્યલ જજ માટે કાયદેસર ગણાશે?

(A) છ મહિનાથી વધુ
(B) એક વર્ષ કરતા વધુ ન હોય તેટલી
(C) છ મહિના કરતા વધુ ન હોય તેટલી
(D) બે વર્ષ કરતા વધુ ન હોય તેટલી

151. આરોપીને રીમાન્ડ માટે જે મેજીસ્ટ્રેટ આગળ રજૂ કરવામાં આવે તે એક સાથે વધુમાં વધુ કેટલા દિવસના પોલીસ રીમાન્ડ આપી શકશે?

(A) 10
(B) 15
(C) 7
(D) 20

152. પોલીસ સ્ટેશનમાં સામાન્ય રીતે જાળવવામાં આવતા રેકોર્ડમાં નીચેનો ક્યો રેકર્ડ યોગ્ય નથી?

(A) જાણીતા ગુન્હેગાર અંગેનો રેકર્ડ
(B) વહીવટી રેકર્ડ
(C) તપાસને લગતા રેકર્ડ
(D) ક્રાઈમ રેકર્ડ

153. મૃત્યુ વિષયક તપાસ કરવાની હોય ત્યારે ઈન્કવેસ્ટ પંચનામું નીચે પૈકી કોણ કરી શકશે?

(A) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી
(B) રાજ્ય સરકારે કરેલા કોઈ નિયમથી અથવા જિલ્લા કે પેટા વિભાગીય મેજિસ્ટ્રેટને કોઈ સામાન્ય કે ખાસ હુકમથી સત્તા સોંપણી થઈ હોય તેવા
(C) એસ.ડી.પી.ઓ.
(D) ઈન્સ્પેક્ટર સર્કલ

Happy Academy : 9925768120

154. વિલેજ ક્રાઈમ નોટબુક પોલીસ સ્ટેશનનું ગુપ્ત અને ખાનગી રેકર્ડ છે. તેના ભાગ-૫માં ગામ અંગેની તમામ ખાનગી નોંધો કરવાની હોય છે. આ નોંધો પૈકી નીચેની કઈ નોંધ અયોગ્ય છે?
(A) મુખ્ય મુખ્ય માથાભારે પાર્ટીઓ કોણ કોણ છે
(B) કોની કોની વચ્ચે અદાવત છે
(C) જેલમાંથી છૂટી આવેલા ગુન્હેગારો
(D) મુખ્ય મુખ્ય કઈ કોમ સંકળાયેલી છે

155. ગામડાનું પેટ્રોલીંગમાં મહિનાના ઓછામાં ઓછા 15 દિવસ ગામડાની ફેરણી કોણે કરવાની હોય છે?
(A) પી.એસ.ઓ.
(B) બીટ હે.કો.કે ઓ.પી.હે.કો.
(C) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી
(D) એસ.એચ.ઓ.

156. M.O. નું. વર્ગીકરણ વિશિષ્ટ ગુન્હાકીય પદ્ધતિથી કરવામાં આવે છે. આ ગુન્હામાં નીચેનો ક્યો સમાવેશ યોગ્ય નથી?
(A) ધાડ, સાદી ચોરી
(B) લૂંટ, ઘરફોડ
(C) અપહરણ, અપનયન
(D) અછોડા ચોરી, ચાલતી ટ્રેનમાં ચોરી

157. કુખ્યાત ગુનેગારનું નામ હિસ્ટ્રીશીટરમાં ચઢે છે, સામાન્ય રીતે કેટલાથી વધારે ગુનામાં સજા પડી હોય અને એમ.ઓ., ટાઈપના ગુના હોય તો આ રજિસ્ટરમાં નામ ચડાવી શકાય?
(A) બે
(B) ચાર
(C) ત્રણ
(D) પાંચ

158. આરોપી કસ્ટડીમાં મૃત્યુ પામે તો સૌથી પહેલાં નીચે ના પૈકી કોની જવાબદારી નક્કી થતી હોય છે?
(A) તપાસ કરનાર અમલદાર
(B) પી.એસ.ઓ.
(C) સંત્રી, સ્ટેશન હાઉસ ઓફિસર (એસ.એચ.ઓ.)
(D) ઉપરોક્ત તમામની જવાબદારી નક્કી થાય છે

159. બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ, બ્રેઈન મેપીંગ ટેસ્ટનું શો પ્રથમ પરિક્ષણ કોણે કર્યું હતું?
(A) ડૉક્ટર લૉરેંસ ફારવેલ
(B) ફ્રોઈડ
(C) બી.એફ. સ્કિનર
(D) બન્દુરા



Happy Academy

Happy Academy : 9925768120

**160.** કઈ પદ્ધતિમાં સોડીયમ પેન્ટોથાલ અથવા સોડીયમ એમીટાલ નામના દ્રાવણ (ડ્રગ) નો ડોઝ 3-h અથવા 3-g (ગ્રામ) - 3000 ml જેટલા પાણીમાં 10% dextrose સાથે આપવામાં આવે છે?

(A) ડ્રગ ટેસ્ટ
(B) ટ્રુથ સેરૂમ ટેસ્ટ
(C) નાર્કો એનાલીસીસ
(D) ઉપરોક્ત તમામ

**161.** ગુજરાત પોલીસ (સુધારા) અધિનિયમ, 2018 (સન 2018 નો ગુજરાત અધિનિયમ ક્રમાંક 8) નો અમલ ક્યારથી થયો?

(A) તા. 4-5-2018
(B) તા. 11-6-1951
(C) તા. 5-4-2018
(D) તા. 30-4-2011

**162.** ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈઓ અનુસાર રાજ્ય સલામતી કમિશનના અધ્યક્ષ તરીકે કોણ રહેશે?

(A) ગૃહ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી
(B) ગુજરાત સરકારના સચિવ, ગૃહ વિભાગ
(C) પોલીસ ઈન્સપેક્ટર જનરલ
(D) રાજ્યના મુખ્ય મંત્રી

**163.** ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈઓ અનુસાર પોલીસદળની રચનામાં નિમવામાં આવેલા છેલ્લા દરજ્જાના પોલીસ અધિકારી એટલે કોણ?

(A) હોમ ગાર્ડ્ઝ
(B) લોકરક્ષક
(C) ગ્રામ સંરક્ષણકદળના સભ્ય
(D) કોટવાલ

**164.** ગામોમાં વ્યક્તિઓના બચાવ, મિલકતના રક્ષણ અને સાર્વજનિક સલામતી માટે ગામોમાં પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે સ્વયં સેવક મંડળો જેને આ કલમમાં હવે પછીથી 'ગ્રામ સંરક્ષક દળો' કહ્યા છે તે કોણ રચી શકશે?

(A) જિલ્લા સુપ્રિન્ટેન્ડેન્ટ
(B) કમિશનર
(C) નાયબ ઈન્સ્પેક્ટર જનરલ
(D) જિલ્લા કલેક્ટર

**165.** પસંદગી પામેલા અને નિમણૂંક પામેલા પોલીસ ડિરેક્ટર જનરલ અને પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ સામાન્ય રીતે, અખિલ ભારતીય સેવા અધિનિયમ 1951 (સન 1951ના મુંબઈનો 32 મો) અને તે હેઠળ કરેલા નિયમો હેઠળની સંબંધિત જોગવાઈઓને આધિન રહીને તેમની વય નિવૃત્તિની તારીખને લક્ષમાં લીધા સિવાય, કેટલા વર્ષની મુદત ધરાવશે?

(A) ઓછામાં ઓછી ત્રણ વર્ષની
(B) મુદત અંગેની કોઇ જોગવાઈ નથી
(C) ઓછામાં ઓછી પાંચ વર્ષની
(D) ઓછામાં ઓછી બે વર્ષની

Happy Academy

Happy Academy : 9925768120



166. ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈઓ અનુસાર જિલ્લામાંના પોલીસદળ ઉપર કોનું નિયંત્રણ રહેશે?

(A) જિલ્લા સુપ્રિન્ટેન્ડેન્ટ
(B) ડેપ્યુટી પોલીસ કમિશનર
(C) જિલ્લા મેજિસ્ટ્રેટ
(D) ઈન્સ્પેક્ટર જનરલ

167. ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈઓ અનુસાર ઈન્વેસ્ટીગેટીંગ પોલિસ વીંગ ભારતીય દંડ સંહિતાના ગંભીર ગુનાઓનું અન્વેષણ કરશે, આ ગુનાઓમાં નીચેનો ક્યો ગુનો સાચો નથી?

(A) જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવો
(B) આતંકવાદી પ્રવૃત્તિઓના ગુના
(C) સાયબર ક્રાઈમના ગુના
(D) આંતર રાજ્ય અને રાજ્ય સરકાર હુકમથી ફરમાવે તેવા બીજા ગંભીર ગુનાઓ

168. ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈઓ અનુસાર પોલીસ મહેકમ બોર્ડની રચનામાં સભ્ય સચિવ તરીકે કોણ રહેશે?

(A) પોલીસ ડિરેક્ટર જનરલ અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ
(B) ગુજરાત સરકારના નાયબ સચિવ, ગૃહ વિભાગથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા એક અધિકારી
(C) રાજ્ય સરકારે નામ નિયુક્ત કરવાના પોલીસ ઈન્સ્પેક્ટર જનરલથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા એક અધિકારી
(D) ગુજરાત સરકારના ગૃહ વિભાગના સચિવ

169. ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈઓ અનુસાર રાજ્ય પોલીસ ફરિયાદ સત્તામંડળના અધ્યક્ષ તરીકે કોણ ગણાશે?

(A) અધિક ડિરેક્ટર જનરલ ના દરજ્જાથી ઉતરતા ન હોય એવા રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા અધિકારી
(B) હાઈકોર્ટના નિવૃત્ત જજ અથવા ગુજરાત સરકારના અગ્ર સચિવના દરજ્જાથી ઉતરતા ન હોય એવા નિવૃત્ત અધિકારી
(C) ગુજરાત સરકાર, ગૃહ વિભાગના અગ્ર સચિવ
(D) રાજ્ય સરકારે નિયુક્ત કરેલી નામાંકિત વ્યક્તિ

170. ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈઓ અનુસાર રાજ્ય સલામતી આયોગ, પોલીસ મહેકમ બોર્ડ અને રાજ્ય અને જિલ્લા પોલીસ ફરિયાદ સત્તામંડળોને પોતાને સોંપાયેલા કાર્યો બજાવી શકે તે હેતુથી નાણાંકીય મદદ કોણ કરે છે?

(A) કેન્દ્ર સરકાર
(B) નાણાં આયોગ
(C) રાજ્ય સરકાર
(D) લોકલ બોર્ડ



Happy Academy

Happy Academy : 9925768120

171. ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 અમલમાં આવતા આ વિષય અંગેનો અગાઉનો કયો અધિનિયમ રદ કરવામાં આવ્યો છે?
(A) મુંબઈ જિલ્લા પોલીસ અધિનિયમ, 1890
(B) મુંબઈ શહેરની પોલીસ બાબતનો અધિનિયમ, 1902
(C) પોલીસ દળ (ઉપર નિયંત્રણ અને આદેશ) અધિનિયમ, 1949
(D) ઉપરોક્ત તમામ અધિનિયમો

172. ગ્રામ સંરક્ષક દળોના દરેક સભ્યને ગુજરાત પોલીસ અધિનિયમ, 1951ની જોગવાઈઓ અનુસાર નિમાયેલ દરેક અધિકારીની નિમણૂંક થયે, આ અર્થે મંજૂર કરેલ નમૂનામાં પ્રમાણપત્ર કોના તરફથી મળશે?
(A) રાજ્ય સરકાર
(B) જિલ્લા મેજિસ્ટ્રેટ
(C) કેન્દ્ર સરકાર
(D) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

173. લોકો પ્રત્યેની પોલીસ અધિકારીની ફરજો પૈકી નીચેની કઈ ફરજ અયોગ્ય છે?
(A) સ્ત્રીઓ તથા બાળકોની સાથે કામ લેતી વખતે બરાબર મર્યાદા જાળવવી તથા વાસ્તવિક સભ્યતા દાખવવી
(B) ઝડતી લેતી વખતે નાહક બેઅદબી કરવી નહીં અથવા બિન જરૂરી ત્રાસ આપવો નહીં
(C) પકડેલી અથવા પહેરામાં રાખેલી પ્રત્યેક વ્યક્તિને તમામ સુવિધાઓ અને સગવડો આપવાની રહેશે
(D) આગથી કંઈપણ નુકસાન અથવા હાનિ ન થવા દેવા પોતાના બનતા ઉપાય લેવાં

174. ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા અધિનિયમ, 1985(પાસા) (સન 1985નો અધિનિયમ ક્રમાંક 16)નો રાજ્યમાં અમલ કઈ તારીખે કરવામાં આવ્યો છે?
(A) તા. 2-8-1985
(B) તા. 30-4-1986
(C) તા. 30-4-2011
(D) તા. 27-5-1985

175. ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, 1985 (પાસા)ની જોગવાઈઓ અનુસાર રાજ્ય સરકાર એક અથવા વધુ સલાહકાર બોર્ડ રચી શકશે. આવા દરેક બોર્ડ અધ્યક્ષ સહિત કેટલા સભ્યોનું બનશે?
(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ



Happy Academy

Happy Academy : 9925768120

176. ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમ, 1887ની જોગવાઈઓ અનુસાર કઈ રમતોને આ કાયદામાંનું કાંઈ જ લાગું પડશે નહીં?

(A) કેવળ મનોરંજન મેળવવા રમાતી રમતો

(B) કેવલ ચતુરાઈ ઉપર આધારિત રમતો

(C) રાજ્ય સરકાર દ્વારા રમાડવામાં આવતી રમતો

(D) નિર્દોષ અને બાળ રમતો

177. ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમ, 1887ની જોગવાઈઓ અનુસાર કોઈ મેજિસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારી કોઈ જુગારના અડ્ડામાં પ્રવેશ કર્યા પછી તેમાં મળી આવેલી વ્યક્તિને તે અધિકારી ગિરફતાર કરે અથવા તેને કોઈ મેજિસ્ટ્રેટ સમક્ષ લાવવામાં આવે અને તે અધિકારી અથવા મેજિસ્ટ્રેટ તેનું નામ-સરનામું આપવાનું ફરમાવે ત્યારે તે આપવાની તે વ્યક્તિ ના પાડે અથવા આપવામાં ગફલત કરે અથવા ખોટું આપે તો દોષિત ઠર્યેથી કેટલી શિક્ષા કરવામાં આવશે?

(A) પાંચ સો રૂપિયા સુધીનો દંડ અને ત્રણ મહિનાની કેદ

(B) પાંચ સો રૂપિયા સુધીનો દંડ

(C) એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા, ન ભરે તો ચાર માસની કેદની શિક્ષા

(D) બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા અને દંડ ન ભરે તો છ માસની કેદની શિક્ષા

178. જુગારના અડ્ડામાંથી મળેલા જુગાર રમવાના સાધનો જપ્ત કરવાનો અને નાશ કરવાનો હુકમ કરવાની સત્તા કોને છે?

(A) પોલીસ અધિકારીને

(B) મેજિસ્ટ્રેટને

(C) લાઈસન્સદારને

(D) આ અધિનિયમ હેઠળ સરકારે નિયત કરેલા અને જાહેરનામાંથી નિમણૂંક કરેલા અધિકૃત અધિકારી

179. ગુજરાત ગ્રામ પોલીસ અધિનિયમ, 1867ની જોગવાઈઓ અનુસાર દરેક જિલ્લામાં ગ્રામ પોલીસ ઉપર દેખરેખ, નિયંત્રણ અને આદેશ પ્રમાણે જિલ્લા મેજિસ્ટ્રેટ રાખશે તેઓ કામનો કોઈ ભાગ કોને સોંપી શકશે?

(A) પોલીસ પટેલને

(B) ગ્રામ પોલીસ અધિકારીને

(C) મદદનીશ કે નાયબ કલેક્ટરને

(D) મદદનીશ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને

180. પોતાના ગામની હદમાં કોઈ વ્યક્તિએ કોઈ ગંભીર ગુનો કર્યો હોય અને પોલીસ પટેલે તે વ્યક્તિને પકડી હોય તો પકડાયેલી દરેક વ્યક્તિને કેટલી મુદતમાં જે તે જિલ્લા પોલીસ સ્ટેશનની હદમાં પોતાનું ગામ આવેલું હોય તે પોલીસ સ્ટેશનને મોકલવી જોઈશે?

(A) બાર કલાકની અંદર

(B) ચોવીસ કલાકની અંદર

(C) અડતાલીસ કલાકની અંદર

(D) છત્રીસ કલાકની અંદર

Happy Academy : 9925768120

181. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 (સન 1989નો 33મો) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યો વિરુદ્ધ અત્યાચારના ગુના થતા અટકાવવા માટે આવા ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટેનો અધિનિયમ સંસદ ભારતના ગણરાજ્યના કયા વર્ષે ઉપરોક્ત અધિનિયમ કરે છે?

(A) 40 મા

(B) 42 મા

(C) 39 મા

(D) 44 મા

182. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989ની જોગવાઈઓ અનુસાર જાહેર સેવકની ફરજોમાં નીચે પૈકીની કઈ ફરજ યોગ્ય નથી?

(A) આ અધિનિયમ તેમજ અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ ફરિયાદ અથવા પ્રથમ માહિતી અહેવાલ (એફ. આઈ. આર.) નોંધવી અને તેને આ અધિનિયમની યોગ્ય કલમો હેઠળ નોંધવી

(B) નોંધાયેલી માહિતીની એક નકલ તાત્કાલિક માહિતી આપનારને પૂરી પાડવી

(C) ભોગ બનનારાઓ અથવા સાક્ષીઓના નિવેદન નોંધવા

(D) તપાસ હાથ ધરવી તથા સેસન્સ અથવા જિલ્લાની અદાલતમાં સાઈઠ દિવસમાં ચાર્જશીટ દાખલ કરવી

183. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989ની જોગવાઈઓ અનુસાર ઝડપી ઈન્સાફી કાર્યવાહી માટે રાજ્ય સરકાર કોની સંમતિથી રાજપત્રમાં જાહેરનામા દ્વારા એક અથવા વધુ જિલ્લાઓ માટે વિશિષ્ટ ખાસ અદાલતની સ્થાપના કરશે?

(A) રાજ્યપાલની

(B) ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશની

(C) સેશન્સ અદાલતના ન્યાયમૂર્તિની

(D) કાયદો અને ન્યાયતંત્રનાં વિષયનો હવાલો ધરાવતા મંત્રીશ્રીની

184. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989ની જોગવાઈઓ અનુસાર કોડની કલમ-360 અથવા ગુનેગાર પ્રોબેશન અધિનિયમની જોગવાઈઓ આ અધિનિયમ હેઠળના ગુના બદલ દોષિત જણાયેલ કેટલા વર્ષથી ઉપરની ઉંમરની કોઈ વ્યક્તિને લાગુ પડશે નહીં?

(A) અઢાર વર્ષ

(B) સોળ વર્ષ

(C) વીસ વર્ષ

(D) ચૌદ વર્ષ

185. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989ની જોગવાઈઓ હેઠળના કેસોનો કેટલી મુદતમાં નિકાલ થાય તે સુનિશ્ચિત કરવા માટે પૂરતી અદાલતોની સ્થાપના કરવાની ફરજ રાજ્ય સરકારની રહેશે?

(A) ત્રણ મહિનાની અંદર

(B) બે મહિનાની અંદર

(C) છ મહિનાની અંદર

(D) એક મહિનાની અંદર



Happy Academy

Happy Academy : 9925768120

186. અનુસૂચિત જનજાતિઓ માટેના રાષ્ટ્રીયપંચના (અન્ય કાર્યોના સંપાદીકરણના) નિયમો, 2005 નો અમલ કઈ તારીખથી કરવામાં આવ્યો?

(A) તા. 23-8-2005
(B) તા. 20-2-2004
(C) તા. 24-8-2005
(D) તા. 10-2-2004

187. ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ અનુસાર માનવ શરીરને અસર કરતા ગુના અંગેની જોગવાઈઓ આ સંહિતાના કયા પ્રકરણમાં આપવામાં આવી છે?

(A) પ્રકરણ - 8
(B) પ્રકરણ - 22
(C) પ્રકરણ - 16
(D) પ્રકરણ - 11

188. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989ની જોગવાઈઓ અનુસાર ખાસ અદાલત અથવા વિશિષ્ટ ખાસ અદાલતના હુકમથી નારાજ થયેલ વ્યક્તિ અપીલકર્તા પાસે નેવું દિવસની મુદતમાં અપીલ ન કરવા માટે પૂરતા કારણ હતા તો તે નેવું દિવસ પછી કેટલા દિવસની મુદત પૂરી થયેથી કોઈ અપીલ દાખલ કરી શકાશે નહીં?

(A) એકસો એંશી દિવસ
(B) એકસો વીસ દિવસ
(C) એકસો દિવસ
(D) એકસો ચાલીસ દિવસ

189. નાગરિક હક્ક રક્ષણ અધિનિયમ, 1955 (સન 1955નો 22મો) આ અધિનિયમ સંસદ ભારતના ગણરાજ્યના ક્યા વર્ષમાં અધિનિયમ કરે છે?

(A) છઠ્ઠા વર્ષમાં
(B) અગ્યારમા વર્ષમાં
(C) પાંચમા વર્ષમાં
(D) નવમા વર્ષમાં

190. નાગરિક હક્ક રક્ષણ અધિનિયમ, 1955ની જોગવાઈઓ અનુસાર 'હોટેલ' ની વ્યાખ્યામાં નીચે પૈકી કોનો સમાવેશ સાચો નથી?

(A) ભોજનગૃહ
(B) નિવાસગૃહ
(C) ધર્મશાળા, આશ્રમો
(D) કોફી હાઉસ, કાફે

191. 'ભારતના રાજ્યક્ષેત્રની અંદર કોઈ વ્યક્તિને, રાજ્યથી કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરી શકાશે નહીં' - કાયદા સમક્ષ સમાનતાના હકનો સમાવેશ, નીચે પૈકી કયા મૂળભૂત હકમાં થાય છે?

(A) સ્વતંત્રતાનો હક
(B) સમાનતાનો હક
(C) ધર્મ સ્વતંત્રતાનો હક
(D) સંવિધાનના ઉપાયોનો હક

Happy Academy : 9925768120

**192.** ભારત ભાતીગળ વૈવિધ્ય ધરાવતો દેશ છે. વિવિધ ધર્મો અને ભાષાના લોકો સંગઠિત રહે તે જરૂરી છે. રાષ્ટ્રવિરોધી તત્વોને કડક રીતે ડામી દેવા તેમજ અલગતાવાદી પ્રવૃત્તિ ચલાવતા પરિબળો કે પક્ષોને દબાવી દેવા માટે સંવિધાનમાં સુધારો કરી 'રાજ્યની સલામતી'ની જગ્યાએ સંવિધાનના કયા સુધારાથી ભારતનું સાર્વભૌમત્વ અને અખંડતા એવા શબ્દો ઉમેરવામાં આવ્યા છે?

(A) સંવિધાનમાં 25મો સુધારો કરી તા. 20-4-1972 થી

(B) સંવિધાનમાં 16મો સુધારો કરી તા. 6-10-1963 થી

(C) સંવિધાનમાં 44મો સુધારો કરી તા. 1-8-1979 થી

(D) સંવિધાનમાં પ્રથમ સુધારો કરી તા. 18-6-1951 થી

**193.** સંવિધાનના આર્ટિકલ - 359ના અધિકારોનો ઉપયોગ કરીને રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરીને મૂળભૂત હકો મોકૂફ રાખવાની રાષ્ટ્રપતિને સત્તાઓ આપી હતી. પરંતુ સંવિધાનના કયા સુધારા દ્વારા 1978માં આ સત્તા પર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે?

(A) 42મો સુધારો
(B) 59મો સુધારો
(C) 44મો સુધારો
(D) 80મો સુધારો

**194.** ભારતીય સંવિધાનના કાયદાની જોગવાઈઓ અનુસાર સંઘના તેમજ રાજ્યોના હિસાબો ભારતના નિયંત્રક મહાલેખા પરીક્ષકની સલાહથી નીચેના પૈકી કોણ ઠરાવે તેવા નમૂનામાં રાખવાના રહેશે?

(A) નાણાં મંત્રાલય
(B) કોમ્પ્ટ્રોલર ઓડિટર જનરલ
(C) રાષ્ટ્રપતિ
(D) લોકસભા

**195.** ભારતીય સંવિધાનના કાયદાની જોગવાઈઓ અનુસાર, રાજ્ય સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારી તંત્રથી અલગ કરવા પગલાં ભરાશે. આ જોગવાઈ સંવિધાનના કયા ભાગમાં આપવામાં આવી છે?

(A) ભાગ-5
(B) ભાગ-3
(C) ભાગ-4
(D) ભાગ-4 (ક)

**196.** ધી મોટર વ્હીકલ્સ એક્ટ, 1988 ની જોગવાઈઓ અનુસાર જો કોઈ વ્યક્તિ એવા કોઈ રોગ કે અશક્તિથી પીડાઈ રહી હોય કે જેથી તેને માટે વાહન હાંકવાનું પોતાની જાણમાં જાહેર પ્રજાને જોખમકારક થાય તેમ થવા ગણતરી છે, છતાં પણ તે જાહેર જગામાં મોટર વાહન ચલાવે ત્યારે પ્રથમ ગુના માટે કેટલો દંડ અને બીજા કે ત્યાર પછીના ગુના માટે કેટલા દંડને પાત્ર થશે?

(A) રૂા. 200/- સુધીનો અને રૂા. 500/- સુધીનો

(B) રૂા. 1,000/- સુધીનો અને રૂા. 2,000/- સુધીનો

(C) રૂા. 2,000/- સુધીનો અને રૂા. 3,000/- સુધીનો

(D) રૂા. 100/- સુધીનો અને રૂા. 200/- સુધીનો



Happy Academy

Happy Academy : 9925768120

**197.** ધી મોટર વ્હીકલ્સ એક્ટ, 1988 ની જોગવાઈઓ અનુસાર કાયદેસર અધિકારી કે વ્યાજબી કારણ સિવાય જેઓ સ્થિર ઊભેલા મોટર વાહનમાં દાખલ થાય કે તે ઉપર ચઢે કે મોટર વાહનની બ્રેકો કે તેના યંત્રના કોઈ ભાગ સાથે ચેડા કરે તો કઈ શિક્ષાને પાત્ર ઠરશે?

(A) રૂ. 100/- સુધીના દંડની શિક્ષા
(B) રૂ. 1,000/- સુધીના દંડની શિક્ષા
(C) રૂ. 2,000/- સુધીના દંડની શિક્ષા
(D) રૂ. 500/- સુધીના દંડની શિક્ષા

**198.** ધી મોટર વ્હીકલ્સ એક્ટ, 1988 ની જોગવાઈઓ અનુસાર માર્ગ સલામતિ અને ટ્રાફિક મેનેજમેન્ટ અમર્યાદિત સત્તાઓ માટે કેન્દ્ર સરકાર દ્વારા સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને રચેલ રાષ્ટ્રીય રોડ સેફ્ટી બોર્ડના કાર્યો પૈકી નીચેનું ક્યુ કાર્ય યોગ્ય નથી?

(A) માર્ગ વ્યવહારનો ઉપયોગ કરનારાઓને હુમલાખોરોથી સલામતિ બક્ષવી
(B) નવા વ્હીકલની ટેકનોલોજીને અપગ્રેડ કરવી
(C) મોટર વ્હીક્લ્સનું રજિસ્ટ્રેશન અને લાયસન્સ અંગેની કામગીરી
(D) માત્ર કેન્દ્ર સરકારને સલાહ આપવી

**199.** ધી મોટર વ્હીકલ્સ એક્ટ, 1988 ની જોગાવાઈઓ અનુસાર ઓફિશિયલ ગેઝેટમાં નોટિફિકેશન પ્રસિધ્ધ કરી રાજ્ય માર્ગ સલામતિ સમિતિની રચના અને તેના ચેરમેન અને મેમ્બરોની શરતોને આધિન નિમણૂંક નીચે પૈકી કોણ કરશે?

(A) કેન્દ્ર સરકાર
(B) રાજ્ય સરકાર
(C) કેન્દ્રની માર્ગ સલામતિ સમિતિ
(D) સ્થાનિક સત્તામંડળ

**200.** ધી મોટર વ્હીક્લ્સ એક્ટ, 1988 ની જોગવાઈઓ અનુસાર આ કાયદાના પ્રબંધોના અમલ માટે જો કોઈ મુશ્કેલી ઉભી થાય તો કેન્દ્ર સરકાર ઓફિશિયલ ગેઝેટમાં કાયદાની જોગવાઈઓને સુસંગત એવા જરૂરી આદેશો કરી આવી વિસંગતતા દૂર કરી શકે છે, પરંતુ આ કાયદો અમલમાં આવ્યાના કેટલા વર્ષ બાદ આવો કોઈ આદેશ કરી શકાશે નહીં?

(A) બે વર્ષ
(B) પાંચ વર્ષ
(C) ત્રણ વર્ષ
(D) એક વર્ષ

Happy Academy

Happy Academy : 9925768120

**Advt. No. 151/201819 - Unarmed Police Sub Inspector**

**Provisional Answer Key - Question Paper Series- 'A'**

| Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | C | 26 | C | 51 | D | 76 | B | 101 | D | 126 | A | 151 | B | 176 | B |
| 2 | B | 27 | D | 52 | B | 77 | C | 102 | D | 127 | D | 152 | A | 177 | C |
| 3 | B | 28 | C | 53 | A | 78 | B | 103 | C | 128 | C | 153 | B | 178 | B |
| 4 | B | 29 | A | 54 | A | 79 | C | 104 | D | 129 | D | 154 | C | 179 | C |
| 5 | C | 30 | B | 55 | B | 80 | B | 105 | C | 130 | B | 155 | B | 180 | B |
| 6 | D | 31 | A | 56 | A | 81 | D | 106 | D | 131 | B | 156 | C | 181 | A |
| 7 | D | 32 | C | 57 | B | 82 | A | 107 | C | 132 | D | 157 | C | 182 | D |
| 8 | C | 33 | B | 58 | C | 83 | B | 108 | A | 133 | C | 158 | D | 183 | B |
| 9 | D | 34 | A | 59 | B | 84 | C | 109 | C | 134 | B | 159 | A | 184 | A |
| 10 | C | 35 | A | 60 | C | 85 | B | 110 | C | 135 | A | 160 | D | 185 | B |
| 11 | A | 36 | C | 61 | C | 86 | D | 111 | A | 136 | A | 161 | C | 186 | C |
| 12 | C | 37 | D | 62 | A | 87 | A | 112 | A | 137 | C | 162 | D | 187 | C |
| 13 | B | 38 | A | 63 | D | 88 | D | 113 | B | 138 | C | 163 | B | 188 | A |
| 14 | D | 39 | B | 64 | C | 89 | C | 114 | C | 139 | C | 164 | A | 189 | A |
| 15 | D | 40 | A | 65 | D | 90 | A | 115 | B | 140 | D | 165 | D | 190 | C |
| 16 | C | 41 | A | 66 | A | 91 | C | 116 | B | 141 | C | 166 | C | 191 | B |
| 17 | D | 42 | D | 67 | B | 92 | D | 117 | B | 142 | B | 167 | A | 192 | B |
| 18 | C | 43 | B | 68 | C | 93 | A | 118 | B | 143 | C | 168 | C | 193 | C |
| 19 | C | 44 | A | 69 | C | 94 | D | 119 | C | 144 | C | 169 | B | 194 | C |
| 20 | C | 45 | C | 70 | C | 95 | C | 120 | A | 145 | D | 170 | C | 195 | C |
| 21 | B | 46 | D | 71 | D | 96 | D | 121 | B | 146 | D | 171 | D | 196 | B |
| 22 | C | 47 | B | 72 | B | 97 | D | 122 | C | 147 | C | 172 | A | 197 | B |
| 23 | A | 48 | B | 73 | B | 98 | C | 123 | B | 148 | A | 173 | C | 198 | D |
| 24 | B | 49 | B | 74 | D | 99 | C | 124 | A | 149 | A | 174 | D | 199 | B |
| 25 | A | 50 | D | 75 | C | 100 | D | 125 | A | 150 | B | 175 | B | 200 | C |